# ‘ઓખી’ની સંભાવનાના પગલે શહેરના વાતાવરણ પર અસર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં આજે પણ સતત વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યુ હતુ અને સાંજના સમયે થોડાક વરસાદી છાંટા પણ પડતા નાગરિકોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. વરસાદી વાતાવરણ જેવી પરિસ્થિતિ સાથે શહેરમાં ઠંડીનું પ્રમાણ વધ્યુ હોય તેવો અનુભવાયુ હતુ અને સમગ્ર દિવસ દરમ્યાન નાગરિકોએ ભારે સુસ્તી અનુભવી હતી.

**સાંજે વરસાદી છાંટા સાથે શહેરમાં ઠંડીની પકડ વધી : માવઠાની શક્યતાએ નગરજનો સાથે ચૂંટણી પ્રચારકોની ચિંતા વધારી : હજુ વધુ ઠંડી વધવાના એંધાણ**

છેલ્લા બે દિવસથી બંગાળના ઉપસાગરના ડિપડીપ્રેશન સર્જાવાને કારણે સર્જાયેલા ઓખી વાવાઝોડાના પગલે ગુજરાત પર વાદળો ઘેરાવા પામ્યા છે. સતત વાદળછાયુ વાતાવરણ રહેવાને પગલે ઠંડીનો પારો ૧૭.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી જવા પામ્યો છે અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૧ ટકા સુધી નોંધાવા પામ્યું છે. દિવસ દરમ્યાન ઘેરાયેલા વાદળોને પગલે શહેરીજનોને ઠંડી સાથે સુસ્તી અનુભવાઈ હતી. સાંજના સમયે સામાન્ય છાંટા પડવાને કારણે માવઠુ થવાની ભીતિ પણ

● અનુસંધાન પાન-૫ પર

## ‘ઓખી’ વાવાઝોડાને પગલે જિલ્લાતંત્રને સાબદુ કરાયુ

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં આવી રહેલા ઓખી વાવાઝોડાને લઈ જિલ્લાતંત્રને પણ સાબદુ કરવામાં આવ્યુ છે. જિલ્લામાં મગફળીના પાકનું ઉત્પાદન કમોસમી વરસાદ થવાની શક્યતાને પગલે તે પલળી ના જાય તેની કાળજી લેવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

‘ઓખી’ વાવાઝોડાને કારણે જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી ૫ અને ૬ ડિસેમ્બરના રોજ કરવામાં આવી છે. આને પગલે જિલ્લામાં ડિઝાસ્ટર તંત્ર દ્વારા જિલ્લાના તંત્રને સાબદા રહી પરિસ્થિતિ પર નજર રાખવા માટેની ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

દરમિયાન આજે દિવસ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ અને મોડી સાંજે ઘ-૫ અને કોબા સહિતના વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હોવાનું જાણવા મળેલ છે.

## કોંગ્રેસ માટે ‘રાત ટુંકી ને વેશ ઝાઝા’ જેવો ઘાટ છે

કોંગ્રેસ માટે ‘રાત ટુંકી ને વેશ ઝાઝા’ જેવું છે. ખબર નહીં છેલ્લા એક વરસથી તૈયારીઓ કરી હોવા છતાં હજુ ઘણાં બધાં પાસાઓમાં કોંગ્રેસ પાછી પડે છે. ઉમેદવાર પસંદગીની પ્રક્રિયામાં અસંતોષની આગ ઠારવામાં હજુ સફળતા ન મેળવી શકનાર કોંગ્રેસ બે દિવસથી હાંફળી-ફાંફળી થઈ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. શરૂઆતમાં પ્રચાર માધ્યમોમાં છવાયેલી કોંગ્રેસનો દેખાવ આજકાલ નબળો પડતો હોય તેવું પ્રાથમિક નજરે અનુભવાય છે. જાહેર સભાઓ, રોડ શૉ અને રેલીઓનું આયોજન સંકલન દર વખત કરતાં સારૂ હોવા છતાં પ્રજા સુધી પહોંચાડવામાં કોંગ્રેસ ઉણી ઉતરતી હોય એમ વર્તાય છે. યુપીએ સરકારના ભ્રષ્ટાચાર, સોનીયા ગાંધી બાદ રાહુલ ગાંધીનું રાષ્ટ્રીય અધ્યક્ષપદ તથા લોકસભામાં કારમો પરાજય મુદ્દા ઉપર ભાજપ અને પ્રધાનમંત્રીના આકરા પ્રહારોથી કોણ જાણે કેમ કોંગ્રેસ વિચલિત થતી હોય એમ લાગે છે. આમ છતાંય પાસના કાર્યક્રમો, રાજકોટની ઘટના અને રાહુલના રોડ શૉએ કોંગ્રેસને જોમમાં રાખી છે.




### ‘ભાજપનો વિરોધ એટલે ગુજરાતનો વિરોધ’ એવો વહેમ શા માટે ?!

‘આ ગુજરાતનું અપમાન છે.’ એમ કહેતા પ્રધાનમંત્રી અને ભાજપના આગેવાનો હજુ પ્રજાને સમજાવી શક્યા નથી કે ભાજપનો વિરોધ એટલે ગુજરાતનો વિરોધ છે ?! ગુજરાત એટલે ભાજપ જ ?! એ ખ્યાલ ખોટો છે... અને ગુજરાતપ્રેમીઓને આ વાતની પીડા છે. બીજી વાત ભાજપ એ પણ સમજાવી શકતું નથી કે વિરોધપક્ષોને કચડી નાંખી સત્તા પર પહોંચવાની માનસિકતામાં પણ અહંકાર છવાયેલો અનુભવાય છે. ૧૫૦+નો અર્થ જ વિપક્ષને ખતમ કરવાની વાત છે. આ અતિશયોક્તિ વાળી, અહંકારથી છલોછલ ભાજપની વાત બુમરેંગ થઈ રહી છે. ભ્રષ્ટાચાર સામે રોજેરોજ બુમાબુમ કરતાં ભાજપના નેતાઓને એટલી પણ ખબર નથી કે પ્રજા બધું જ જાણે છે. આજે ક્યાં-કેટલો-કેવો ભ્રષ્ટાચાર ચાલે છે ? કોના થકી ચાલે છે ? કોની રહેમ નજર તળે ભ્રષ્ટાચાર ચાલે છે ? ભરતીમાં કેટલા..? દારૂમાં કેટલા ? બદલીમાં કેટલા ? લાયસન્સમાં કેટલા ? ખરીદી ઓર્ડરમાં કેટલા ? વિગેરે વિગેરેમાં કેટ કેટલાના વહિવટ થાય છે ? એ બધું જ પ્રજાની નજર સામે છે. અને બધા જ બધું જ જાણે છે. એટલે કાચના ઘરમાં રહેનારે..! પણ દાદ દેવી પડે એવી છે કે ભ્રષ્ટાચારની માત્રાઓ વધવા છતાં અમે ભ્રષ્ટાચાર સામે લડીએ છીએ એવું હિંમતપુર્વક બોલી શકે છે.

આપણે પ્રજા તરીકે આ બધુ સહન કરીએ છીએ એજ આપણો વાંક છે... એજ આપણો ગુનો છે. વર્ષોથી રાજકીય ફેંકાફેંકને સહન કરતાં કરતાં આપણી સંવેદનશીલતા ઘસાતી જઈ રહી છે. આપણું કામ નહી..! જવા દો બધા છે જ એવા..? કરશે એ ભોગવશે... જેવા પલાયનવાદી વાક્યોથી જ આ બધાને ફાવતુ જડ્યું છે. એમને અટકાવવાનો, સમજાવવાનો અને સાચી દિશા આપવાનો અવસર આપણા આંગણે છે. આવો નિર્ભિકતાથી મતદાન કરીએ. આપણા અવાજને બુલંદ બનાવીએ.

- નિમિત્ત માત્ર

# કલોલમાં ૮મીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જાહેરસભા યોજાશે

ગાંધીનગર તા ૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી તા ૮ ડીસેમ્બરે કલોલમાં જાહેરસભા સંબોધશે. બીજા તબક્કાના મતદાન આડે પણ હવે માત્ર ૧૦ દિવસ જ આડા રહયા હોવાથી પ્રચાર ઝુંબેશ તેજ બનાવી દેવામાં આવી છે. ભાજપ ૧૫૦થી વધુ બેઠક જીતવાના વિજય મંત્ર સાથે આગળ વધી રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર જીત હાંસલ કરવા માટે પણ હાઈટેક પ્રચાર હાથ ધરાયો છે. આગામી દિવસોમાં પુરુષોત્તમ રૂપાલા અને યોગી આદિત્યનાથ જેવા ફાયર બ્રાન્ડ પ્રચારકો પણ મેદાનમાં ઉતારાશે. જયારે ૮ ડીસેમ્બરે પ્રધાનમંત્રીની જાહેરસભા યોજવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. કલોલમાં બપોરે ૧૨ કલાકે પી એમ ચુંટણી પ્રચારને વેગ આપવા સભાને સંબોધન કરશે.

**ગાંધીનગરની બેઠકો માટે પુરુષોત્તમ રૂપાલા અને યોગી આદિત્યનાથ જેવા ફાયર બ્રાન્ડ નેતાઓ પણ ચુંટણીલક્ષી સભા ગજવશે**

વિધાનસભાની ચુંટણીના આડે હવે માત્ર ૧૦ જ દિવસ બાકી રહયા છે. અલબત્ત બીજા તબક્કાની ચુંટણીને અનુલક્ષી પ્રચાર માટે પણ પુરતો સમય રહયો નથી. આવા સંજોગોમાં રાજકીય પક્ષો દ્વારા પ્રચાર ઝુંબેશ તેજ બનાવી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર ઉમેદવારો પોતાના પ્રચાર કાર્યમાં મોડીરાત સુધી રોકાયેલા રહે છે . પ્રચાર માટે વિવિધ તરીકાઓ અપનાવામાં આવી રહયા છે. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોને અનુલક્ષી ભાજપ આગામી દિવસોમાં સ્ટાર પ્રચારકો મેદાને ઉતારવાના મુડમાં છે. જેમાં ટુંકમાં જ પુરુષોત્તમ રૂપાલા અને યોગી આદિત્યનાથ સહીતના ફાયર બ્રાન્ડ નેતાઓ સભા ગજવશે. જયારે ગાંધીનગર વિધાનસભાની બેઠકોને અનુલક્ષી પ્રધાનમંત્રીની સભાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે . આગામી તા ૮ ડિસેમ્બરના રોજ પી એમ કલોલમાં જાહેરસભાને સંબોધન કરશે. કલોલમાં ૧૨ વાગે કોલેજ સંકુલમાં સભા યોજવામાં આવશે. જિલ્લાની બેઠકોમાં પ્રચાર ઝુંબેશને વેગ આપવા માટે પ્રધાનમંત્રીની સભા યોજાવાની હોવાથી ભાજપના કાર્યકર્તાઓમાં પણ ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ છે.

## ગાંધીનગરના ધારાસભ્યોએ માત્ર સામાજિક પ્રસંગોમાં જ હાજરી આપી છે : ગોવિંદજી સોલંકી

**વિધાનસભામાં પ્રજાના પ્રશ્નોનો અવાજ ઉઠાવ્યો નથી : પ્રજાએ કોંગ્રેસને જીતાડવાનુ મન બનાવી લીધુ છે. ત્યારે મારી જીત પણ નક્કી છે : સર્વેના અંતે મને ટીકીટ આપવામાં આવી છે : ગોવિંદજી સોલંકી**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના ધારાસભ્યોએ અત્યાર સુધી માત્ર સામાજિક પ્રસંગોમાં હાજરી આપી છે. પ્રજાલક્ષી પ્રશ્નોના નિરાકરણ માટે વિધાનસભામાં અવાજ ઉઠાવ્યો નથી. ભાજપની વાહવાહ.. કરવાની જ નિતી અપનાવી છે. પ્રજાની સમસ્યાનુ નિરાકરણ આવ્યુ નથી. તેવી ધારદાર વાત રજુ કરતા ગાંધીનગર દક્ષિણની બેઠકના ઉમેદવાર ગોવિંદજી સોલંકીના મતે પ્રજાએ કોંગ્રેસને જીતાડવાનુ મન બનાવી લીધુ છે.



**સીધો સંવાદ - ધનંજય જોષી**

**કોંગ્રેસે તમને ઠાકોર સેનાના લીધે ટીકીટ આપી છે ?**

ઠાકોર સેના તો ખરી જ પરંતુ કોંગ્રેસનો પણ હુ પાયાનો કાર્યકર છું. કોંગ્રેસ પક્ષે સર્વે કરાવ્યો હતો ત્યારબાદ લાંબી ચર્ચા વિચારણાના અંતે મારી ઉમેદવારી આખરી થઈ છે. પક્ષે મારા પર મુકેલા વિશ્વાસને પરિપુર્ણ કરીશ.

**તમારી બેઠકના પ્રબળ દાવેદારોન બાદબાકી કરી તમને ટીકીટ ફાળવવામાં આવી છે તેનાથી તમને નુકશાન થશે ?**

ટીકીટ માટે બધાની અપેક્ષા હોય પરંતુ પાર્ટીનો નિર્ણય માન્ય રાખવાનો હોય છે. અમારા મત વિસ્તારમાં કોઈ દાવેદારોમાં નારાજગી નથી. બધા આગેવાનો સાથે બેઠક કરી દીધી છે. ૩૦૦ થી વધુ આગેવાનોનો એક જ સુર છે. બધાએ કોંગ્રેસને જીતાડવાનુ મન બનાવી લીધુ છે.

**મતદારો ગોવિંદ હીરાજી સોલંકીને કેમ મત આપશે ?**

હું છેલ્લા ૭ વર્ષથી સામાજિક સેવા સાથે સંકળાયેલો છુ. ગાંધીનગર જિલ્લાના કોઈપણ સમાજની વ્યકિતએ સામાજિક કાર્યની વાત કરી હોય તો નિસ્વાર્થ ભાવે તેમની પડખે ઉભો રહયો છુ. ગાંધીનગર દક્ષિણ વિધાનસભાની ટીકીટ મળશે તેવો અંદાજ પણ ન હતો. ત્યારે બનાસકાંઠામાં પુરની સ્થિતિમાં ૨૫ થી વધુ ટ્રકો ભરીને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મોકલી પુરગ્રસ્તોની મદદ કરી હતી.

**તમારી જીત થશે તો દક્ષિણ વિસ્તારના મતદારો માટે શું કામ કરશે ?**

નર્મદા કેનાલ ઘરઆંગણે હોવાછતા આજદિન સુધી દક્ષિણ મત

● અનુસંધાન પાન-૫ પર



ઓખી ચક્રવાતને પગલે સાવધાની - ગુજરાતના મુખ્ય સચિવના અધ્યક્ષ પદે સંભવિત વાવાઝોડુ ઓખીના પડકારને પહોંચી વળવા ઉચ્ચકક્ષાની બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ હતી... વિવિધ પાસાઓની ચર્ચા બાદ સમગ્ર સ્થિતિને પહોંચી વળવા તાકિદના પગલાના આદેશ અપાયા હતા...

## ઓખી વાવાઝોડાના સંભાવનાના પગલે તાકિદની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૪

રાજયમાં આવતીકાલે મંગળવારના રોજ ઓખી વાવાઝોડુ ત્રાટકવાની ગંભર પરિસ્થિતિ મામલે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ચૂંટણી પ્રચારની વ્યસ્તતા છતાં અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજીને ઉભી થનારી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા અનુરોધ કર્યો હતો.આ અંગે મળતી માહિતી અનુસાર,રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી પોતે ઉમેદવાર હોવાની સાથે રાજયના અન્ય વિધાનસભા મત વિસ્તારોની બેઠક ઉપરથી ચૂંટણી લડી રહેલા ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરવાની જવાબદારી અને વ્યસ્તતાની વચ્ચે આજે તેમણે રાજય ઉપર આવતીકાલે મધ્યરાત્રીના સુમારે આવનારા ઓખી વાવાઝોડાની સંભવિત અસરોની સામે કોઈ વ્યાપક નુકસાન ન થાય એ માટે તંત્રને સાબદુ રહેવા અધિકારીઓ સાથેની બેઠકમાં માર્ગદર્શન આપ્યુ હતુ.

આ સાથે જ તંત્ર તરફથી કરવામાં આવેલી કાર્યવાહીની તેમણે વિગતો મેળવી હતી.

# પાટીદારોને અનામત, ખેડૂતોના દેવા માફીનું કોંગ્રેસનું વચન

**કોંગી ચૂંટણી ઢંઢેરામાં બેરોજગાર યુવાનોને ભથ્થુ : મહિલાઓને ઘરનું ઘર આપવા માટેનું લોકલક્ષી વચન : પેટ્રોલ-ડીઝલ ઉપર ૧૦ રૂપિયા સુધીનો ઘટાડો કરવાની જાહેરાત : તમામ વર્ગને ખુશ કરવા હેતુ**

અમદાવાદ, તા.૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનને આડે હવે માત્ર પાંચ દિવસ બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાતમાં વસતા તમામ કુંટુંબોની સુખાકારી અને તેમને ખુશહાલ બનાવવાના અનોખા અને નવતર અભિગમ સાથે આજે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. પ્રજાનું ઘોષણાપત્ર નામથી કોંગ્રેસ દ્વારા જારી કરાયેલા આ ચૂંટણી ઢંઢેરામાં ઘણી ઐતિહાસિક અને મહત્વની જાહેરાતો કરવામાં આવી હતી. જેમાં સૌથી મહત્વની જાહેરાત એ હતી કે, કોંગ્રેસની સરકાર આવશે તો, કોંગ્રેસ બંધારણની મર્યાદામાં રહીને પાટીદારોને અનામત આપશે, બિનઅનામત સર્વણો માટે ખાસ કમીશનની રચના કરશે. સાથે સાથે યુવાનોને બેરોજગારી ભથ્થું ચૂકવશે અને મહિલાઓને ઘરનું ઘર આપશે. લગભગ ૧૦૦ જેટલા પાનાના ઐતિહાસિક ચૂંટણી ઢંઢેરામાં કોંગ્રેસે બીજી એક મહત્વની જાહેરાત એ કરી હતી કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટાટા નેનોને રૂ.૩૨ હજાર કરોડની જે રકમ આપી હતી, તેટલી જ રકમ એટલે કે, રૂ.૩૨ હજાર કરોડ રૂપિયા કોંગ્રેસ બેરોજગાર યુવાનોને રોજગારી અપાવવવા અને ૧૦૦ ટકા ધિરાણ માટે ફાઉન્ડેશન બનાવશે અને તેમાં ફાળવણી કરશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી, કોંગ્રેસની ચૂંટણી ઢંઢેરા સમિતિના કન્વીનર દિપક બાબરીયા, ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશી, રાષ્ટ્રીય પ્રવકતા મનીષ ખેડા સહિતના અગ્રણીઓની હાજરીમાં આજે કોંગ્રેસનો મહત્વનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો હતો. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને ચૂંટણી ઢંઢેરા સમિતના કન્વીનર દિપક બાબરીયાએ જણાવ્યું

● અનુસંધાન પાન-૫ પર




**ધોરણ : ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે (વર્ષ : ૨૦૧૭-૧૮) NEET/JEE/PMT/ગુજકેટ ના તદન વિનામૂલ્યે (મફત) તાલીમ વર્ગોનું આયોજન.**

નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર (ગુ.સ.) ના સહયોગથી ધોરણ : ૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચુત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આવકની મર્યાદા ધ્યાને લીધા સિવાય, તેમને ચાલુ વર્ષે GUJCET, NEET, PMT અને JEE ના તાલીમ વર્ગમાં જોડાવ્યાનો લાભ મળશે. આ બાબતે લાગતા વળગતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન માટે વહેલા તે પહેલાના ધોરણે નીચેના સરનામે દીન-૩માં રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

સ્થળ : ટોપ એજ્યુકેશન કન્સલટન્ટ પ્રા.લી., પ્લોટ નંબર : ૭૧૯, પ્રથમ માળ, શોપિંગ સેન્ટર, સેક્ટર : ૨૨, ગાંધીનગર, તા.જી : ગાંધીનગર. (સંપર્ક નંબર :૦૭૯-૨૩૨૪૧૨૪૩)

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**વડનગરા નાગર પ્રાર્થના સભા**



અમારા માતુશ્રી **નલિનીબેન ભાલચંદ્ર વચ્છરાજાની**નું દુઃખદ અવસાન તા. ૩/૧૨/૨૦૧૭ના રવિવારે થયેલ છે. **સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના સભા તા. ૫/૧૨/૨૦૧૭, મંગળવાર સાંજે ૫-૦૦થી ૬-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : રત્નસાગર એપાર્ટમેન્ટ, સે.૧૯, ૧૨૭/૧/સી, ગાંધીનગર**

ઉન્નતિ સમીર વચ્છરાજાની (પુત્રવધુ)
ધ્વનિ સમીર વચ્છરાજાની (પૌત્રી)
સમીર ભાલચંદ્ર વચ્છરાજાની (પુત્ર)
કેતન ભાલચંદ્ર વચ્છરાજાની (પુત્ર)
મેહુલ ભાલચંદ્ર વચ્છરાજાની (પુત્ર)
ભાર્ગવી ભાલચંદ્ર વચ્છરાજાની (પુત્રી)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com